ગુજરાત સમાચાર

plus

WEDNESDAY,
21 October, 2020

For more News Click www.gujaratsamachar.com







## 'અમદાવાદ વાર્તા વર્તુળ' દ્વારા વાર્તા શિબિર

# વાર્તા એવો ખજાનો છે જે લેખકના ગયા પછી પણ તેને અમરત્વ આપવામાં સફળ રહે છે

છેલ્લાં એક વર્ષથી અમદાવાદ વાર્તા વર્તુળની શરૂઆત થઈ છે. અમદાવાદ વાર્તા વર્તુળ દ્વારા દર મહિને વાર્તા શિબિરનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદ વાર્તા વર્તુળના પરામર્શક દીવાનભાઇ ઠાકોરે નવોદિત વાર્તાકાર અને લેખકોને વાર્તાની રચના વિશે વાત કરતાં કહ્યું કે, આવનારી પેઢીને આપણા માતૃભાષાનાનું જ્ઞાન મળે અને માતૃભાષા સાથે સંકળાયેલા રહે તે માટે આ પ્રકારનું આયોજન જરૂરી છે. માતૃભાષાના જોડકણાં, કહેવત, વાર્તા અને નાટકથી આપણી સંસ્કૃતિનો પરિચય મળે છે. કલા સાથે સંકલન હોય તો એક નવા અભિગમ સાથે ઉત્તમ વાર્તા તૈયાર કરી શકાય છે. વાર્તા એટલે એક પાત્રની કલ્પનાની શાબ્દિક રજૂઆત. વાર્તા એટલે હૃદયમાં વસેલી લાગણીઓનો શાબ્દિક પ્રયોગ છે. ગમે તેવો મોટો લેખક હોય પણ વાર્તા લેખકને નચાવે લેખક વાર્તાને નચાવી શકે નહીં. નવોદિત લેખકોએ પોતાની વાર્તાની રચના સાથે વાર્તામાં સમયાંતરે પાત્રમાં ફેરફાર જરૂરી છે જેનાથી વાચકનો રસ જળવાઈ રહે છે. શિબિરમાં વાર્તાકારોએ પોતાની વાર્તાની પ્રસ્તુતિ કરી હતી અને તેમાં રહેલી ક્ષતિઓને દૂર કરવામાં આવી હતી.

### શિબિરમાં ભાગ લેનારાં લેખકોએ અપ્રગટ થયેલી વાર્તાઓની રજૂઆત કરી હતી



- **અપરાધ -** એક પ્રેમ કહાનીને ખૂબ જ અલગ અંદાજથી રજૂ કરવામાં આવી હતી. **- રેના બેન**
- **પાનખર -** કોલેજકાળના મિત્રોના પ્રસંગોને વર્ણવીને એક પ્રેમકથા સ્વરૂપે તૈયાર કરવામા આવી હતી. **- જીગીશા પાઠક**
- **અકસ્માત -** નવોદિત લેખકોના અભ્યાસમાં મદદરૂપ થાય તે માટેની આ વાર્તા તૈયાર કરવામાં આવી હતી. **- દીવાન ઠાકોર**
- **નિશાચર -** આ એક અલગ રીતે ટેકનિકલ બાબતોને ઉપયોગ સાથે વાર્તા રજૂ કરીને લેખકોને મજા કરાવી હતી. **-મનહર ઓઝા**
- **આત્મસંતોષ-** આ વાર્તા સામાજિક ભેદભાવને ઉજાગર કરતી વાર્તા હતી. **- ઉર્વશી શાહ**
- **મોસ્ટ વોન્ટેડ-** આ વાર્તામાં એક જૂના વિચારને નવા પ્રયોગથી રજૂ કરવામાં આવ્યો છે. **- આરતીબેન શેઠ**
- **રાત-** આ વાર્તા પણ એક નવીન પ્રયોગવાળી વાર્તા હતી સાથે તેમાં શાબ્દિક અલંકૃતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. **- તન્મય તિમિર**
- **રણકો -** એક સ્ત્રીની જિંદગીમાં આવતા ઉતાર-ચઢાવને શબ્દ રૂપે પ્રસ્તુત કરવામાં આવી છે. **- એકતાબેન દોશી**
- **ક્યાં સુધી?-** હાલમાં ઘટેલી વિવિધ ઘટનાઓને આધારે તૈયાર કરેલ વાર્તા છે. **- પૂજાબેન ત્રિવેદી**

# શિક્ષણમાં ડિજિટલાઈઝેશન કર્મચારીની ક્ષમતા અને તેની અપેક્ષા વચ્ચેનું અંતર ઘટાડે છે

## SMPIC અને યુ.કે.ની એક સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઈન એજ્યુકેશ- ધ ન્યુ નોર્મલ' વિષય પર ઈન્ટરનેશનલ વેબિનાર યોજાયો

જીએલએસ ફેકલ્ટી ઓફ કોમર્સ (એસએમપીક) અને યુ.કે.ના સીઆઈએમએના સંયુક્ત ઉપક્રમે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઈન એજ્યુકેશન- ધ ન્યુ નોર્મલ' વિષય પર ઈન્ટરનેશનલ વેબિનાર યોજાયો. આ વેબિનારમાં ૫૦૦ થી વધુ ડેલીગેટ્સે ભાગ લીધો હતો. જેમાં જીએલએસ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ સુધીરભાઈ નાણાવટીએ કહ્યું કે, આખુ વિશ્વ મહામારીમાં સપડાયેલું છે ત્યારે પણ વિદ્યાર્થીઓની સેફ્ટીને ધ્યાનમાં રાખીને શૈક્ષણિક ક્ષેત્ર ચાલુ જ છે. ભગવાન એક દરવાજો બંધ કરે છે ત્યારે સાથે સાથે બીજો દરવાજો ખોલે જ છે. કોવિડ-૧૯એ આપણા જીવનનો અભિગમ બદલ્યો છે. હવે બ્લેકબોર્ડ શિક્ષણ એક ઈતિહાલ બની જશે અને વર્ગખંડોમાં થતી ભૂલોને વર્ચ્યુઅલ લેવલ પર સુધારી શકાય છે.

### આજે શિક્ષકોની ભૂમિકા ભણાવવાની નહીં પરંતુ શીખનારાઓને સુવિધા આપવાની છે

દુબઈ સ્થિત યુ.કે સીસીએમના અંજુ ડી અલવિસે કહ્યું કે, અત્યારે ફેલાયેલા રોગચાળાએ શિક્ષણના અભિગમ પર પુનર્વિચારણા કરવાની તક તાલીમ આપનારાઓને આપી છે. કોવિડ-૧૯ રોગચાળાએ શૈક્ષણિક ક્ષેત્રને પડકાર આપ્યો છે અને પરંપરાગત વર્ગખંડમાં શીખવાની રીતને બદલી છે અને તેમાં પણ કેટલાક લોકોએ આ ડિજિટલ પરિવર્તનને રોકવા દબાણ કર્યું છે પરંતુ એજ્યુકેશનમાં ડિજિટલાઈઝેશન એ હાલના સમયની માગ છે. આજે શિક્ષકોની ભૂમિકા ભણાવવાની નહીં પરંતુ શીખનારાઓને સુવિધા આપવાની છે. એજ્યુકેશનમાં ડિજિટલાઈઝેશન કર્મચારીની ક્ષમતા અને તેની અપેક્ષા વચ્ચેનું અંતર ઘટાડવામાં મદદ કરશે.



















# શહેરની વિવિધ સોસાયટીઓમાં નવરાત્રિ નિમિત્તે પૂજા-આરતી


ટાગોર પાર્ક, આંબાવાડી


દેસાઈની પોળ, ખાડિયા


તપસ્વી સોસાયટી, ઘોડાસર


ઋતુ બંગલો, ન્યુ રાણીપ


હિમાની એપાર્ટમેન્ટ, મણિનગર


અપંગ માનવ મંડળ, વસ્ત્રાપુર


ગણેશ હોમ ફ્લેટ, ન્યુ રાણીપ


રતનજ્યોત કોમ્પ્લેક્સ વિભાગ-૧, નિર્ણયનગર


શાંતિ ટાવર, વાસણા

## 'વૈદિક ધર્મ સંસ્થાન' તરફથી શક્તિપીઠ દર્શન

'વૈદિક ધર્મ સંસ્થાન ટ્રસ્ટ' ગુરૂદેવ પૂ. શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી નિર્મિત છે. આ ટ્રસ્ટ સમગ્ર ભારતમાં વૈદિક ધર્મનો પ્રચાર તેમજ સંરક્ષણ માટે કાર્યરત છે. 'વૈદિક ધર્મ સંસ્થાન' તરફથી ઘરે બેઠા આ દર્શન થઇ શકે તે માટે ૨૨ ઓક્ટોબરના દિવસે સાંજે ૭.૩૦થી ૮ કલાક વિશ્વશાંતિ માટે દેવી સુક્તમ પાઠ તેમજ માતાના નવરાત્રિની વાત અને રાત્રે ૮થી ૯ કલાક સુધી શકિતપીઠ મંદિર દર્શન અને આરતી પ્રસારણનું આયોજન કરાયું છે, જેમાં કાર્યક્રમની શરૂઆત 'શ્રી દેવી સૂક્ત' ના પાઠથી કરવામાં આવશે, જેમાં અંબાજી, વૈષ્ણોદેવી, જ્વાલાજી, નૈનાદેવી, શ્રીમાતા મનસાદેવી, ચિંતપૂર્ણી, ખીર ભવાની અને ભૂવનેશ્વરી જેવા દેવીમાંના મંદિરોના દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે સાથે માતાજીની આરતી પણ કરવામા આવશે.

## અખંડ ધોબી એકતા મહાસંઘ દ્વારા સ્નેહ સંમેલન


અખંડ ધોબી એકતા મહાસંઘ દ્વારા સ્નેહ સંમેલન અને પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં અખંડ ધોબી એકતા મહાસંઘ સમાજના આગવાનો હાજર રહ્યા હતા અને કોવિડ-૧૯ની પરિસ્થિતિ ઝડપથી દૂર થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી.

## વાલમ બ્રાહ્મણ કેળવણી અને સાંસ્કૃતિક મંડળ દ્વારા આત્મકલ્યાણ અર્થે ગાયત્રી યજ્ઞ


વાલમ બ્રાહ્મણ કેળવણી અને સાંસ્કૃતિક મંડળ દ્વારા વાઘેશ્વરી ધામ ઓગણજ રીંગરોડ ખાતે આત્મકલ્યાણ અર્થે ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયું હતું, જેમાં કોરોના ઝડપથી દૂર થાય અને સમગ્ર વિશ્વમાંથી વિવિધ બિમારી દૂર થાય તે માટે ગાયત્રી માતાજીને પ્રાર્થના કરવામાં આવી હતી.

## સાણંદમાં આરોગ્ય કર્મચારીનું સન્માન


કોરોના વૈશ્વિક મહામારી સામે લડાઇ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ હિતેશભાઇ જોશીનું કોરોના વોરિયર તરીકે સાણંદના નાયબ કલેક્ટર દ્વારા સન્માનિત કરાયા હતા.

## આજનો દિનમહિમા

### ઉત્તર ગુજરાત - વિજાપુર - લાડોલના શ્રી હરસિધ્ધદેવી

આજે એકવીસમી ઓકટોબર, નિજ આસો સુદ પાંચમ, બુધવાર, શક્તિપૂજા નવરાત્રિ પર્વના પવિત્ર ધાર્મિક દિવસો છે.

''ઉજ્જયિની માહાત્મ્ય''માં શ્રી હરસિધ્ધ દેવીની ઉત્પત્તિની કથા આપવામાં આવી છે : જે આ પ્રમાણે છે : ''પૂર્વે ચંડ અને પ્રચંડ નામના બે મહાન અસુરો ઉત્પન્ન થએલાં. તેમણે દેવોને ઘણો ત્રાસ આપ્યો. દેવોએ ત્રાસમાંથી મુક્તિ અપાવવા ભગવાન ત્રિપુરારિ મહાદેવની સ્તુતિ કરી. દેવોની સ્તુતિ-પ્રાર્થનાથી પ્રસન્ન થઇ શ્રી હરમહાદેવે એક દેવી પ્રગટ કર્યાં. તેમણે બંને દૈત્યોનો નાશ કરી દેવોને ભયમુક્ત કર્યા. શ્રી શંકર ભગવાને દેવીને હરસિધ્ધ દેવીની ઉપમા આપી. મહાદેવ હરથી સિધ્ધ થયાં. પ્રગટ થયાં દેવી માટે હરસિધ્ધ દેવી કહેવાયાં.

આ દેવીનું સ્થાન પ્રાચીન સ્થાન ઉજ્જૈનમાં છે, બીજું સ્થાન સૌરાષ્ટ્રમાં કોયલ ડુંગર પાસે છે, ત્રીજું સ્થાન ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના લાડોલ ગામમાં છે. ઉજ્જૈનથી આ દેવી લાડોલ કેવી રીતે આવ્યાં તેની કથા છે.

પાટણના પ્રસિધ્ધ રાજા જયસિંહ સિધ્ધરાજે દેવીની આરાધના કરેલી. તે દર્શન કરવા વારંવાર ઉજ્જૈન જતાં. તેણે દેવીને પ્રસન્ન કરી પ્રાર્થના કરી કે, ''દેવી ! આપ પાટણ પધારો.'' દેવીએ શરત મૂકી, 'હું ઉજ્જૈનથી પાટણ આવું, આગળ રાજા તારે ચાલવાનું, પાછળ પાછળ હું આવીશ, મારા ઝાંઝરનો રણકાર સંભળાશે, તારે પાછળ વળીને જોવાનું નહિ, જ્યાં તેં પાછુ વળી જોયું, ત્યાં તે જગા



પર તારે મારી સ્થાપના કરવાની.' રાજા કબૂલ થયો.

ઘોડા પર બેસી રાજાએ પાટણના પંથે પ્રયાણ કર્યું. પાછળ દેવીના પગના ઝાંઝરનો અવાજ રણકતો હતો. રાજા આનંદમાં વિચારોમાં મશગૂલ હતો. 'પાટણમાં દેવીની સ્થાપના - મંદિર- પૂજન- આરતી' વિચારોમાં ખોવાયેલો હતો. ઉજૈનથી પાટણ જતાં વચ્ચે લીલાવતી નગરી હતી, તેની નજીકમાં મોટું જંગલ હતું, રાજાએ જંગલમાં પ્રવેશ કર્યો. રસ્તામાં ઝાંઝરનો અવાજ બંધ થયો. અને રાજાને લાગ્યું- સ્વાભાવિક રીતે જ રાજાથી પાછળ જોવાઈ ગયું. અને 'ખામોશ' એવો અવાજ સંભળાયો. દેવીએ રાજાને હૂકમ કર્યો 'અહીં જ મારી સ્થાપના કર.'

રાજાની આશા ભાંગી પડી, પણ રાજાએ પ્રતિજ્ઞા પાળી. તે વેળાએ ત્યાં ગગનચુંબી દેવી મંદિરની સ્થાપના કરી. કાળે કરીને જંગલમાં આગ લાગી, લીલાવતી નગરી નષ્ટ થઈ, મંદિરના પથ્થરો આગમાં તૂટી જવાથી, મંદિર નષ્ટ થવાની અણી પર હતું, ગામ ફરીથી નવેસરથી વસ્યું, એ લાટાપલ્લી તરીકે ઓળખાયું.

પાછળથી લાડોલ બન્યું. મંદિર ખંડિયેર હાલતમાં હતું, પણ ભગવતી દેવીના સંકેતથી ગામલોકોએ અદ્ભુત કલાકારીગરીવાળું મંદિર નવેસરથી બંધાવ્યું, જૂના શિલાલેખો પરથી સંવત ૧૯૪૪માં નવીન સુંદર મંદિર બંધાયું. જયપુરથી શ્રીદેવીની ભવ્ય પ્રતિમા લાવ્યા, મંદિરનું અસલ રાજા સિધ્ધરાજનું ગર્ભગૃહ કાયમ રાખ્યું. માતાજીની પુનઃ પ્રતિષ્ઠા કરી.

લાડોલ ગામના લોકો દરેક વ્યાવહારિક પ્રસંગે દેવીનું સ્મરણ કરે છે. લાડોલના હરસિધ્ધ દેવીનો મહિમા આ પ્રમાણે છે :

**શ્રીસુક્ત :**
**મનનાં સર્વ સંકલ્પો વાણીનાં સત્ય મેળવું**
**ઘી દૂધ અન્ન ને ધાન્ય, કીર્તિ શોભા વસો ગૃહે**
**ભૂખી, લૂખી અને મેલી ગરીબાઈ કરો દૂરે,**
**દારિદ્રય દીનતા સર્વ મુજ મંદિરથી હણો.**
**(ચિકલીત ઋષિ)**

- ધનરાજ પંડિત

## માઈક્રોફીક્શન

### 'ગરીબી રેખા'માં રીપેરીંગ

ઉડતી આવી છે દિલ્હીની વાત, ગરીબોની ગરીબીની શું જશે સાડા સાતી ઘાત ! આવકના બદલે નહીં પણ જીવનધોરણને આધારે હવે 'ગરીબ'ની નવી આયડેન્ટીની રૂપરેખા તૈયાર કરવા કેન્દ્રનાં ગરીબી સમાર કામના નિષ્ણાતો કામે લાગી ગયા છે... કદાચ આવા નવા નવા ધારાધોરણો અમલમાં આવે તો...?

હવે પછી ફાઈવસ્ટાર હોસ્પિટલમાં જનરલ વોર્ડવાળો 'બેઝીક પુઅર' ગણાશે. 'સેમી સ્પેશિયલ વોર્ડ' વાળો 'મીડલ પુઅર' અને 'સ્પેશિયલ એ.સી. વીથાઉટ વેન્ટીલર'વાળો 'સુપર પુઅર'માં ગણાય પણ ખરો (હેં !)

અંગ્રેજી મિડીયમમાં હવેથી રીક્ષા/ વાનમાં જતા વિદ્યાર્થીઓનાં વાલીના ગરીબી માપદંડનો એકમ લઈ રૂા. ૭.૫૦ લાખની ઘરની કારમા જતો સ્ટુડન્ટનો વાલી 'પ્રોબેબલ પુઅર' કેટેગરીમાં ગણાશે.(ગાડી દેશી હોવી જોઈએ.)

પંચતારક હોટલ/રેસ્ટોરન્ટમાં એક્સ્ટ્રા સંભાર/ચટણી જરૂરી હોય છતાંય ન મંગાવે તેમજ વેઈટરને પેટીએમથી ટીપ્સ આપતો નાગરિક 'એફોર્ડેબલ પુઅર' ગણાશે. (હોટલ શાકાહારી હોય તો પ્રાયોરીટી આપવી)

ઘરનાં દરેક સભ્ય પાસેનો મોબાઈલ રૂા. ૭૫૦૦થી ઓછી કિંમતનો તેમજ ઈન્ટરનેટ-વાઈફાઈ ચાર્જીસ લોન લઈને કરાવતા હોય તેવા વાલી 'જેન્યુઈન પુઅર' માં ગણવા. (ટેકનોલોજીથી પેઢી વંચિત ના રહેવી જોઈએ.)

બ્યૂટીપાર્લરમાં ડેઈલીનાં બદલે અઠવાડિયામાં બે વાર જતી મહિલાઓ પરિવારમાં બેથી વધુમાં હોય તો 'પરમેનંટ પુઅર'માં લેવા.

જે પરિવારમાં ત્રણને બદલે બે શાક, પાંચના બદલે ત્રણ સલાડ અને ખાધા પછી 'ડૅઝર્ટમાં ફક્ત રાયતું તેને 'સીમ્પલ પુઅર' ગણવા.

**બ્રેકીંગ ન્યૂઝ**
વર્ષગાંઠ (જૂનામાં) ૨૬ કવર,
૭ પેકેટ, ૧૦ કાર્ડ, ૬ બૂકે ટોટલમાં
(બાકીનાં કોરા આશીર્વાદ)
વર્ષગાંઠ (નવામાં)
૧૦૮ લાઈક્સ, ૧૪ ઈમોજી
૧૨ મીસકોલ.... ૨ કુરિયર

- દિલીપ શાહ

**ગુજરાત સમાચાર**
પ્રસંગ, ઉમંગ અને અવસરથી ભરેલા શાળા કે કોલેજ કેમ્પસ, સોસાયટી કે મિત્ર વર્તૂળો માટે આપની આસપાસ રચાતી સર્જનાત્મક વાતો, લાગણી સભર ઘટનાઓ અને રચનાત્મક પ્રવૃતિઓને ગુજરાત સમાચાર પ્લસ હંમેશાં આવકારે છે. આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓ વિશે અમને લખીને મોકલો.
Email :gujaratsamacharplus@gmail.com

## આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

**મેષ :** આજે યમઘંટ યોગમાં રસ્તામાં આવતા-જતા તેમજ મીલન-મુલાકાતમાં સંભાળવું. ભક્તિ-પૂજા-મંત્રજાપથી હળવાશ રહે.

**વૃષભ :** આજે આપે તન-મન-ધનથી-વાહનથી સંભાળવું પડે. નોકરી-ધંધાના કામમાં, બેંકના કામમાં વધુ પડતા આત્મવિશ્વાસે રહેવું નહીં.

**મિથુન :** નોકરી-ધંધાના કામથી, જાહેર સંસ્થાકીય કામથી તમારી કામગીરીમાં, વિચારસરણીમાં સ્થિરતા, એકાગ્રતા જાળવવી પડે.

**કર્ક :** આજે યમઘંટ યોગમાં માનસિક વ્યગ્રતા, શરીરની શિથીલતા છતાં તમારે તમારા નોકરી-ધંધાના કામ કરવા પડે, ઉકેલવા પડે.

**સિંહ :** વાણીની મીઠાશ, વ્યવહારની નમ્રતાથી તમારું અશક્ય કામ શક્ય બને. પોતાની સ્વમહેનતથી પ્રગતિ-સફળતામાં વધારો થાય.

**કન્યા :** આજે યમઘંટ યોગમાં તમારા હૃદય-મનને ઉચાટ-ચિંતા-ઉદ્વેગ રહે. ઘર-પરિવારના, પત્ની-સંતાનના પ્રશ્નની ચિંતાથી ઉંઘ આવે નહીં.

**તુલા :** ધર્મકાર્ય થાય. યાત્રાપ્રવાસ-મીલન-મુલાકાતનું આયોજન ગોઠવાય. પરદેશના-બહારગામના કામમાં સાનુકૂળતા રહે.

**વૃશ્ચિક :** નોકરી-ધંધાના જુના-નવા કામ થઇ શકે. નવા કામ સીઝન અનુસાર મળવાથી આવકમાં સાનુકૂળતા રહે. આરોગ્ય સારું રહે.

**ધન :** આજે યમઘંટ યોગમાં વિચારોની દ્વિધા-અસ્થિરતાના કારણે કામમાં ભલીવાર આવે નહીં. વાહન શાંતિથી ધીમેથી ચલાવવું.

**મકર :** આજે યમઘંટ યોગ છે તેથી યાત્રાપ્રવાસમાં તેમજ રસ્તામાં આવતા જતા સાવધાની જાગૃતિ રાખવી. જોખમ કરવું નહીં.

**કુંભ :** આકસ્મિક કોઇ કામ થાય. ફાયદો-લાભ થવાથી આનંદ-ઉત્સાહ રહે. પુત્રપૌત્રાદિકના કામની વ્યસ્તતા રહે.

**મીન :** નોકરી-ધંધાના કામમાં વ્યસ્તતા રહે. પરંતુ બહારના કે બહારગામના કામ અંગે ચિંતા-ઉચાટ રહે. સંતાનની ચિંતા રહ્યા કરે.

## આજનું પંચાંગ

**તા.૨૧-૧૦-૨૦૨૦, બુધવાર**

**નિજ આસો સુદ પાંચમ**

**સરસ્વતી આવાહ્ન - સ્થાપન**
**યમઘંટ યોગ રાત્રે ૧ ક. ૧૪ મિ. સુધી.**



**દિવસના ચોઘડિયા :** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ.

**રાત્રિના ચોઘડિયા :** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ.

**અમદાવાદ** સૂર્યોદય : ૬ ક. ૪૦ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૦૭ મિ.
**સૂરત** સૂર્યોદય : ૬ ક. ૩૮ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૦૯ મિ.
**મુંબઈ** સૂર્યોદય : ૬ ક. ૩૫ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૧૦ મિ.

**નવકારસી સમય :** (અ) ૭ ક. ૨૮ મિ. (સૂ) ૭ ક. ૨૬ મિ. (મું) ૭ ક. ૨૩ મિ.
**જન્મરાશિ :** ધન (ભ.ધ.ફ.ઢ.)

**નક્ષત્ર :** મૂળ રાત્રે ૧ ક. ૧૪ મિ. સુધી પછી પૂર્વાષાઢા. આજે રાત્રે ૧ ક. ૧૪ મિ. સુધીમાં જન્મેલ બાળક માટે મૂળ શાંતિ કરાવવી.

**ગોચર ગ્રહ :** સૂર્ય-તુલા, મંગળ-મીન, બુધ-તુલા, ગુરૂ-ધન, શુક્ર-સિંહ, શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, ચંદ્ર-ધન
હર્ષલ (યુરેનસ) - મેષ નેપ્ચ્યુન-કુંભ, પ્લુટો-ધન રાહુકાળ : ૧૨-૦૦ થી ૧૩-૩૦ (દ.ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૭૬ વિરોધ સં. શાકે ૧૯૪૨ શાર્વરી સંવત્સર.
જૈનવીર સંવત : ૨૫૪૬
**દક્ષિણાયન :** શરદ ઋતુ / રાષ્ટ્રીય દિનાંક : અશ્વિન / ૨૯ / વ્રજ માસ : નિજ આસો
**માસ-તિથિ-વાર :** નિજ આસો સુદ પાંચમ બુધવાર.
● સરસ્વતી આહ્વાહ્ન - સ્થાપના.
● યમઘંટ યોગ રાત્રે ૧ ક. ૧૪ મિ. સુધી.
**મુસલમાની હિજરીસન :** ૧૪૪૨ રબિ ઉલ અવ્વલ માસનો ૩ રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૦ ખોરદાદ માસનો ૭ રોજ અમરદાદ

## જન્મ તારીખ વર્ષ સંકેત

**તા.૨૧-૧૦-૨૦૨૦, બુધવાર**

આજથી શરૂ થઇ રહેલું આપનું જન્મવર્ષ સાનુકૂળતાવાળું રહે. આપના કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. **નોકરી-ધંધો :** નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ આપને અનુકૂળ રહે. આપના ધાર્યા પ્રમાણેનું કામકાજ કરી શકો. નવું કોઇ આયોજન વિચારતા હોવ તો તેમાં પ્રગતિ જણાય. **આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ સારું રહે. તબિયતમાં સુધારો જણાય. વજન વધુ વધી ના જાય તેની તકેદારી રાખવી પડે. **કૌટુંબિક-પારિવારીક સુખાકારી :** કૌટુંબિક-પારિવારીક સુખાકારીમાં વધારો થાય. પરિવારનો સાથ-સહકાર મળી રહે. અવિવાહીતવર્ગને વિવાહ-લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. **વિદ્યાર્થીવર્ગ :** વિદ્યાર્થીવર્ગ માટે આ વર્ષ સારું રહેશે. મહેનતના પ્રમાણમાં સફળતા મળી રહે.


## Photo of the Day

તમારી બેસ્ટ ફોટોગ્રાફીના શ્રેષ્ઠ નમુના 'ફોટો ઓફ ધ ડે' વિભાગમાં ઈમેઈલ કરી મોકલી શકો છો. gujaratsamacharplus@gmail.com

નોંધ-ફોટોગ્રાફ હાઈ રિઝોલ્યુશનના હોવા સાથે સ્થળનું નામ લખવું જરૂરી છે.



તસવીર : ડૉ.અનેરી દેવધર




તસવીર : ડૉ. હેમંત રાઠવા

# PERFACT LOOK માટે એસેસરીઝ મહત્ત્વની

જો તમે સારામાં સારા સંપૂર્ણ પોશાકમાં સજ્જ થવા માગો છો તો તમારે તમારી એક્સેસરીની પસંદગી એકદમ કાળજીપૂર્વક કરવી પડશે. અને આ એક્સેસરીમાં આંખે ઊડીને વળગે એવી બે વસ્તુ એટલે તમારી બેગ અને પગરખાં. આ વર્ષના ટ્રેન્ડ વિશે ફેશન ડિઝાઈનરો કહે છે કે તમારાં પગરખાં એવાં પસંદ કરો જે તમારી બેગ સાથે મેળ ખાતાં હોય. આ વર્ષમાં મરીન કલર્સ (દરિયાઈ રંગો)ની વિવિધ સ્ટાઈલ અને સાઈઝની બેગ ઈન છે. ખાસ કરીને પહોળી બેગ ખૂબ પસંદ કરાય છે. આ બેગ એકદમ ઝોળા જેવી દેખાય છે. આ સિવાય બકેટ આકારથી લઈને હોબો બેગ અને કલાચી કલચ પણ ઈન છે. ફેશન ડિઝાઈનરો માને છે કે હાથમાં રહેલી બેગ અને તેની સાથે મેળ ખાતાં પગરખાં વ્યક્તિનું વ્યક્તિત્વ છતું કરે છે. આ સિઝનમાં બ્રોન્ઝ સ્ટિલેટોઝ, બ્લુ રંગના પગરખાં, વેજીસ (શંકુ આકારના), રંગબેરંગી સપાટ પગરખાં તેમજ કાળાં ફોર્મલ શુઝ ઈન છે.

ફેશન ડિઝાઈનરો આ સિઝનના પગરખાંની ફેશન વિશે વધુમાં કહે છે કે સિંગલ કલરના નહીં પણ બે અથવા બેથી વધુ રંગના ફલેટ જૂતાં ખૂબ સુંદર લાગે છે. અલબત્ત, આવા પગરખાં દિવસ દરમિયાન જ સારાં લાગે. સાંજની પાર્ટીમાં તો હિલવાળા જોડાં જ જચે. વળી ફલેટ પગરખાં એકદમ આરામદાયક હોવાથી આખો દિવસ પહેરી રાખવામાં પણ વાંધો નથી આવતો. જ્યારે પ્લેટફોર્મ હિલના જોડાં તો કોઈ પણ સિઝનમાં પહેરી શકાય. તેવી જ રીતે કાળા રંગના શુઝ અને મોતીકામ-ભરતકામ કરેલી મોજડી પગને અનેરી શોભા આપે છે. જોકે સાંજની પાર્ટીમાં આજકાલ પગનો ઉપરનો આખો ભાગ ટોપીની જેમ ઢંકાઈ જાય એવા અને પટ્ટાવાળા શુઝ ઈન છે.

બેગ માટે વધારે માહિતી આપતાં એક ફેશન ડિઝાઈનર કહે છે કે આ વર્ષમાં મોતીના હેંડલવાળી કે પછી મોતી અને અન્ય વર્ક કરેલી બેગ ઈન છે. આ સિવાય ગ્લેમરસ લુક માટે મેટાલિક બેગ પરફેક્ટ એક્સેસરી ગણાય છે. રોજિંદા ઉપયોગ માટે કપડાંની બેગ પ્રત્યેક વયની માનુનીઓ માટે બેસ્ટ ચોઈસ છે. તેમાંય જો કપડાંની બેગ પર ચામડા અથવા મોતીનું વર્ક કરેલું હોય તો તે અત્યંત આકર્ષક દેખાય છે.





# સંવાદ-સુમેળ જાળવતા સરળ શબ્દો Thank you અને Sorry

હવે, લગભગ દરેક યુગલોની અંગત દુનિયા અને વ્યવસાયિક દુનિયા બંને હોય છે. આવા કપલોને આર્થિક દ્રષ્ટિએ ફાયદો થતો હોય છે. પણ જરૂરી નથી કે અંગત જીવન પણ એટલું જ સુખાકારી હોય. વ્યવસાયિક ધોરણે વ્યસ્ત હોવાના કારણે ઘરની અંગત વ્યક્તિને સમય આપી શકાતો નથી. આખા દિવસનું વ્યસ્ત સમયપત્રક, જવાબદારી, માનસિક તણાવના કારણે યુગલ વચ્ચેના રોમાન્સમાં કમી વર્તાય છે. પણ એક યુગલ વચ્ચે રોમાન્સ ભરપૂર પ્રમાણમાં હોઈએ જરૂરી છે. બંને એક બીજા સાથે સમય વિતાવવો જરૂરી છે. જો તમને પણ લાગતુ હોય કે તમારા અને તમારા સાથી વચ્ચે રોમાન્સ ઓછો થઈ ગયો છે. અથવા તો જોઈએ એટલો સમય સાથે વિતાવી શકતા નથી. તો તમે અમુક વસ્તુનું ધ્યાન રાખીને તમારા સંબંધને હંમેશા તરોતાજા રાખી શકો છો.



કોલેજકાળ દરમ્યાન આપણે ક્લાસ બંક કરીને મિત્રો સાથે ફરવા કે ફિલ્મ જોવા માટે નિકળી જતા હતા. એવી જ રીતે બન્ને ઓફિસ બંક કરીને અથવા તો ઓફિસથી એક દિવસની રજા લઈને બંને લોંગ ડ્રાઈવ અથવા ફિલ્મ જોવા માટે જઈ શકો છો. આમ આવી જ રીતે તમારા પાર્ટનર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવો.

### સરપ્રાઈઝ આપવી જરૂરી છે

દિવસની શરૂઆત તમે તમારા સાથીને કિસ કરીને કરો. કિસનો આઈડિયા તમને હોલીવૂડ ફિલ્મથી પ્રેરિત અને કાલ્પનિક લાગી શકે છે. પણ એક કિસ દ્વારા શરૂ કરવામાં આવેલો દિવસ પતિ-પત્ની વચ્ચે રોમાન્સ બનાવી રાખે છે. સાથે પતિ-પત્નીને એકબીજા પ્રત્યે વિશેષ ખ્યાલ રાખવા તરફ પ્રેરે છે. તમે તમારા પાર્ટનરને ખુશ કરવા માટે સરપ્રાઈઝ આપી શકો છો. મહિનામાં એક વખત તમારા સાથીને સરપ્રાઈઝ આપવી જરૂરી છે. તમે ઘરે જલદી આવીને તમારા પાર્ટનર માટે ડિનર પ્લાન કરી શકો છો. અથવા તો તમે એના માટે લવનોટ પણ લખીને રાખી શકો છો. આવી નાની નાની હરકતો સંબંધોમાં ખુશી લાવે છે.

### મેસેજ કરીને પણ હાલચાલ પૂછી શકો

જો તમે આખો દિવસ ઓફિસમાં અથવા કોઈ કારણોસર બહાર સમય વિતાવતી હોય તો તમારા પાર્ટનર સાથે આયોજન કરીને સવારનો નાસ્તો સાથે લેવાનું રાખો. સવારનો નાસ્તો સાથે કરવાથી બન્નેનો દિવસ તાજગીસભર અને ખુશનુમા પસાર થશે. લગ્નના શરૂઆતના સમયને યાદ કરીને તમે ફરી રોમેન્ટીક લાગણીનો અનુભવ કરી શકો છો. શરૂઆતના દિવસોમાં તમે તમારા પાર્ટનર માટે કાર્ડ્સ, ગીફ્ટ્સ, ચોકલેટ્સની ખરીદી કરતા હતા એવી જ રીતે ફરી તમારા પાર્ટનર માટે ચોકલેટ્સ અને ગીફ્ટ્સની ખરીદી કરો. વ્યસ્તતામાં સમય મળે તો તમારા સાથીને તમે મેસેજ કરીને પણ હાલચાલ પૂછી શકો છો. તમે એકબીજાને એજ રીતે પેમ્પર કરો જે રીતે લગ્નની શરૂઆતના દિવસોમાં કરતાં હતાં. તમારા પાર્ટનરને સોરી અને થૈંક્યું કહેવાનું ભૂલશો નહીં. સોરી અને થૌંક્યુ કહેવાથી સંબંધો લાગણીસભર રહે છે. આ સિવાય તમને જ્યારે સમય મળે ત્યારે તમારા સાથીને તમે હેર મસાજ અથવા ફુટ મસાજ આપી શકો છો.

# ચાલવાથી અને ઊંઘવાથી રોગપ્રતિકારશક્તિ વધે



શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત હશે તો કોઈપણ વાયરસનો ચેપ લાગશે નહિ. શરદી કફ-ફ્લુ વગેરેના બેક્ટેરિયા આસપાસના પરિસરમાં હોવા છતાં તમે તંદુરસ્ત રહી શકશો. સમતોલ આહાર, નિયમીત કસરત અને પૂરતી ઊંઘ રોગપ્રતિકારક શક્તિને સશક્ત બનાવવાની ગુરુચાવી છે. હંમેશા એક વાત યાદ રાખો કે તમે જીવાણુઓથી તમારી રક્ષા નહિ કરી શકો પરંતુ જો શરીર તંદુરસ્ત હશે તો આવા જીવાણુઓનો સામનો કરી તમે નિરોગી રહી શકશો. કુદરતી વિટામીન અને એન્ટિઓક્સીડન્ટથી ભરપૂર સ્વાસ્થ્યપ્રદ આહાર લેવાથી શરીરની પ્રતિકારશક્તિને બળ મળે છે. આથી ઘેરા લીલા, લાલ અને પીળા રંગના શાકભાજી અને ફળો લેવા. આમાં વિટામીન એ,સી,ઈ, બિટા-કેરોટીન ઉપરાંત એન્ટિઓક્સીડન્ટ હોય છે.

મોટાભાગના પુખ્તોને ૭ થી ૮ કલાકની ઊંઘ જોઈએ છે. જ્યારે કિશોરોએ નિયમીત નવ કલાક તથા નાના બાળકોએ ૧૦ થી ૧૨ કલાક ઊંઘવું જરૂરી છે. વધુ પડતી માનસિક તાણની વિપરીત અસર રોગપ્રતિકારક શક્તિ પર થાય છે. આધુનિક જીવનશૈલી મેળવવા માટે તમે જે દોડધામ કરો છો કે માનસિક તાણમાં રહો છો તે મળ્યા પછી કદાચ તમે બીમાર પડી શકો છો. એટલે શરીરના ભોગે મેળવેલું સુખ તમે ક્યારેય ભોગવી નહિ શકો તે વાત સદાય યાદ રાખો.

જ્યારે પણ તમે ચાલો અથવા દોડો છો ત્યારે તમારી પ્રતિકારશક્તિમાં વૃધ્ધિ થાય છે. નિયમીત 30 મિનિટ ચાલવું અથવા ૧૦-૧૦ મિનિટના ત્રણ તબક્કામાં ચાલવું અત્યંત સ્વાસ્થ્યપ્રદ ગણાય છે. તમે જેટલું વધુ ચાલશો કે કસરત કરશો એટલા વધુ તંદુરસ્ત રહેશો.

# DRESSING SENSE વગરનું શોપિંગ અધૂરું



શોપિંગ દરમિયાન વધુ મેકઅપ કરવો પણ આવશ્યક નથી. તેમાંય જો ગરમીના દિવસો હોય તો પરસેવાને કારણે મેકઅપવાળો ચહેરો પેચ લગાવ્યા હોય એવો લાગશે.

**તમને જો એમ કહેવામાં આવે કે ખરીદી કરવા જતી વખતે પણ ડ્રેસિંગ સેન્સ જરૂરી છે તો તમને કદાચ આશ્ચર્ય થાય. તમે એમ પણ વિચારો કે કોઈ પાર્ટી અથવા અન્ય પ્રસંગમાં જવાનું હોય ત્યારે પ્રસંગોચિત પરિધાન કરવાની ચિંતા હોય. પણ ખરીદી કરવા જતી વખતે આવી ફિકર શા માટે કરવી. જો તમે આમ વિચારતા હો તો એ તમારી ભૂલ છે. કારણ કે ખરીદી કરવા જતી વખતે સારા દેખાવ કે અન્યો પર પ્રભાવ પાડવા કરતાં પણ પોતાની સુવિધા માટે ચોક્કસ પ્રકારનો પોશાક અને એક્સેસરી જરૂરી બની રહે છે. નિષ્ણાતો તેના વિશે સમજાવતાં કહે છે કે...,**

- જો તમે કપડાં ખરીદવા જતા હો તો વન પીસ ડ્રેસ કે આસાનીથી બદલી શકાય એવાં કપડાં પહેરીને જાઓ જેથી નવા કપડાંનું ટ્રાયલ લેતી વખતે સરળતા રહે અને સમય પણ બચે.
- ખરીદી કરવા જતી વખતે ખિસ્સાવાળો ડ્રેસ પહેરો. આવા પોશાકમાં છૂટ્ટા પૈસા, કૂપન, બિલ ઈત્યાદિ સરળતાથી મૂકી-કાઢી શકાય છે.
- ખરીદી કરવા જતી વખતે બહુ ભારે પોશાક ન પહેરો. આમ કરવાથી તમારું ધ્યાન તમારા ડ્રેસને સાચવવામાં જ પરોવાયેલું રહેશે.
- ખરીદી કરતી વખતે અલગ અલગ શો રૂમ્સમાં જવું પડે છે અને લાંબા સમય સુધી ઊભા રહેવું પડે છે. આવી સ્થિતિમાં ઊંચી એડીના જૂતાં પહેરવાને બદલે સપાટ અને આરામદાયક પગરખાં પહેરો.
- જો જોડાં ખરીદવા જતા હો તો ટૂંકા વસ્ત્રો પહેરીને જાઓ. આવા પોશાકમાં જે તે જૂતાં તમારા પગમાં કેવા લાગે છે તે સારી રીતે સમજી શકાશે.
- શોપિંગ કરવા જતી વખતે ઝાઝાં આભૂષણો પહેરવાની બિલકુલ જરૂર નથી. અન્યથા તમારું ધ્યાન અલંકારો સાચવવામાં જ લાગેલું રહેશે. આ સિવાય જો કપડાં ખરીદતી વખતે અણીયાળી ડિઝાઈન ધરાવતી જ્વેલરી પહેરશો તો તે નવા કપડાંની ટ્રાયલ લેતી વખતે તેમાં અટકશે.
- લાંબા સમય સુધી વાળ ખુલ્લા રાખીને શોપિંગ કરતાં રહેશો તો કેશ ગૂંચવાઈ જશે. ખરીદી કરતી વખતે પોનીટેલ બેસ્ટ ઓપ્શન છે.















# કિયારાના મનનો માણિગર કેવો હશે?


## રૂપિયામાં અંબાણી, સ્ટેમિનામાં અક્ષય અને ટેલેન્ટમાં આયુષ્માન અને ફરહાન જેવો

કિયારા અડવાણીએ જણાવ્યું કે તેને તેના પરફેક્ટ મેનમાં શું જોઈએ. કિયારાએ એક ચેટ શોમાં જણાવ્યું કે તે તેના પરફેક્ટ મેનમાં કઇ કઇ ખૂબીઓ ઇચ્છે છે અને આ લિસ્ટ ખૂબ લાંબી છે. તેણીએ કહ્યું કે મને રિતિક રોશન, અક્ષય કુમાર, ફરહાન અખ્તર અને આયુષ્માન ખુરાના જેવો છોકરો જોઈએ. ચેટ શોમાં ભાવિ બોયફ્રેન્ડ વિશે પૂછતા કિયારાએ કહ્યું કે, તેમાં જેનિફર લોરેંસ જેવો હાજર જવાબી હોવો જોઈએ. તે દેખાવમાં ઋતિક રોશન જેવો હોય અને ડિસિપ્લીન અને સ્ટેમિનામાં અક્ષય કુમાર જેવો હોવો જોઈએ. આ સાથે ઉમેરતા કહ્યું, તે એવો હોય કે જેની પાસે અંબાણી જેટલા પૈસા હોય અને ફરહાન અખ્તર અને આયુષ્માન ખુરાના જેવું ટેલેન્ટ હોય. આ સાંભળીને લાગે કે કિયારા અડવાણીની લિસ્ટ ખૂબ લાંબી છે.

# રશ્મિ દેસાઈને ચાહકોએ કહ્યું લગ્ન ક્યારે કરો છો?

## રાજસ્થાની પરિવેશમાં ફોટો શૂટ કરાવ્યું





રશ્મિ દેસાઇ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના ફોટો શેર કરતી રહે છે. હવે હાલમાં રશ્મિએ પોતાનો એક ફોટો શેર કર્યો છે, જેમાં તે ટ્રેડિશનલ લુકમાં જોવા મળી રહી છે. એક ફોટોમાં રશ્મિ રાજસ્થાની દુલ્હનના લૂકમાં જોવા મળી રહી છે. ફોટોમાં રશ્મિના આઉટફિટથી લઇને જ્વેલરી સુધી બધું જ ફેન્સને ખૂબ પસંદ આવ્યું. કેટલાક ચાહકોએ તો કહી દીધું કે આપ લગ્ન ક્યારે કરો છો? રશ્મિની આ ફોટો ફેન્સની સાથે સાથે સેલેબ્સને પણ પસંદ આવી રહી છે. દરેક રશ્મિની સુંદરતાના વખાણ કરી રહ્યા છે. રશ્મિએ આ પહેલા એક સાઉથ ઈન્ડિયન બ્રાઇડ લૂકમાં પણ પોતાનો ફોટો શેર કર્યો છે. રશ્મિએ આ દરમિયાન વ્હાઇટ કલરની સાડી પહેરેલી છે. સાથે જ રશ્મિએ હેવી જ્વેલરી પણ પહેરી છે. ફોટોમાં લોકો રશ્મિની સ્માઇલના ખૂબ વખાણ કરી રહ્યા છે. રશ્મિએ થોડા દિવસ પહેલાં જ ખૂબ મોંઘી ગાડી ખરીદી છે. આ ગાડી તેનું સપનું હતું. એક ઈન્ટવ્યૂમાં તેણીએ કહ્યું હતું કે, લૉકડાઉનને કારણે આપણને દરેકને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો તમે પહેલેથી પ્લાનિંગ નહીં કરી હોય તો જરૂરથી તમારે તંગીનો સામનો કરવો પડી રહ્યો હશે.

### કરણ જોહરે કાજોલને પૂછ્યું,

# તારી દીકરી ન્યાસા શાહરૂખના દિકરા આર્યન સાથે ભાગી જશે તો તારું રિએક્શન શું હશે?




કાજોલ તેના બેબાક અંદાજ માટે હંમેશા ચર્ચામાં રહે છે. હવે કાજોલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે, જેમાં કાજોલ, શાહરૂખ ખાનના દિકરા આર્યન અને તેની દીકરી ન્યાસાને લઈને કંઇક એવું કહી રહી છે કે તેને જોઇને કિંગ ખાન પણ આશ્ચર્યમાં છે. આ વીડિયો કરણ જોહરના શોનો છે, જેમાં કાજોલ, શાહરૂખ અને રાની મુખર્જી જોવા મળી રહ્યા છે. વીડિયોમાં તમે જોશો કે કરણ, કાજોલને પૂછે છે કે આજથી ૧૦ વર્ષ પછી જો આર્યન અને ન્યાસા ભાગી જાય તો તારું રિએક્શન શું હશે? ત્યારે કાજોલે જવાબ આપ્યો કે, દિલવાલે દુલ્હા લે જાયેગેં. કાજોલનું સ્ટેટમેન્ટ સાંભળી શાહરૂખ કન્ફ્યુઝ થયા અને કહ્યું કે, મને જોક સમજમાં ન આવ્યો. મને એ વાતનો ડર છે કે જો કાજોલ મારી સંબંધી ગઇ તો... હું તે વિચારી પણ નથી શકતો. શાહરૂખની વાત સાંભળી કાજોલ અને રાની બંને હસવા લાગ્યા હતા.

# ટ્રોલર્સને નેહા કક્કડનો જવાબ ખુશ રહો કોઈનું દિલ ન દુખાવો



સિંગર નેહા કક્કડના લગ્નને હવે થોડાજ દિવસો બાકી છે. એવામાં તેણીએ પોસ્ટ કરીને એ ટ્રોલર્સની ક્લાસ લગાઇ જેણે મિમ્સ બનાવીને તેની મજાક ઉડાવે છે. મીમ્સ અને હેટર્સ પર નિશાનો સાધતા નેહા કક્કડે લખ્યું કે, દરેક મિમ્સ એકાઉન્ટ અને હેટર્સ માટે વાત સામે રાખી રહી છું. હું મારા પર બનતા મિમ્સ જોતી આવી રહી છું. મને લાગે છે કે હવે એ સમય આવી ગયો છે કે મારે મારો પક્ષ સામે મૂકવો જોઈએ. તો એ લોકોને રિક્વેસ્ટ કરવા માગું છું કે જે લોકો મિમ્સ જોઇને નારાજ થઇ જાય છે. તેમને ગાળો ન આપો. દરેકના જીવનમાં તેમનું એક કામ હોય છે એટલે તેમને તે કરવા દો. ભલે તે કામ કોઇના મિમ્સ બનાવવાનું જ કેમ ના હોય, જો મિમ્સ બનાવીને તેમને આનંદ આવે છે તો તેમને તે કામ કરવા દો. વધુ ઉમેરતા લખ્યું કે, મિમ્સ બને છે તો ફેમસ સેલિબ્રિટીના જ એટલે જો હું એક એવી ફિલ્ડમાં છું કે જ્યાં હું ફેમસ છું તો મારે તેનો સ્વીકાર કરવો જ પડશે. આવા લોકોને ખુશ રહેવા દો. ભગવાન દરેકને પ્રેમ આપે અને ખુશ રહો કોઈનું દિલના દુખાવો.




# બોલિવૂડમાં વરૂણ ધવનના ડેબ્યૂને 8 વર્ષ પૂર્ણ થયા

વરુણ ધવને લખ્યું, મારા અને તમારા વચ્ચે શરૂ થયેલા આ સફરને આઠ વર્ષ પૂર્ણ થયા છે.

કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યરથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર એક્ટર વરૂણ ધવને ઈન્ડસ્ટ્રીમાં આઠ વર્ષ પૂરાં કર્યા છે. આ ફિલ્મ ૧૯ ઓક્ટોબર, ૨૦૧૨એ રિલીઝ થઇ હતી. વરૂણ ધવને આ ખાસ પ્રસંગે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના ફેન્સને થેક્યું કહેતી એક સુંદર નોટ લખી છે. વરૂણ ધવને સોમવારે પોતાના ટ્વિટર હેન્ડલ પર ફિલ્મ પ્રમોશન દરમિયાન ફેન્સની સાથેની કેટલીક તસવીર શેર કરી છે. આ ફોટોની સાથે વરુણ ધવને લખ્યું, મારા અને તમારા વચ્ચે શરૂ થયેલા આ સફરને આઠ વર્ષ પૂર્ણ થયા છે. જ્યારે કોઈએ મારા પર વિશ્વાસ ન કર્યો ત્યારે મારા પર વિશ્વાસ કરવા માટે ધન્યવાદ. મને દરેક શહેરની સફર યાદ છે. આ દરમિયાન તમારા પત્ર, ગિફ્ટ, ટેટૂ અને સૌથી વધારે મહત્વની વસ્તુ પ્રેમ મળ્યો છે. હું જ્યારે પણ રડ્યો મારી સાથે તમે રડ્યા અને હસ્યો ત્યારે સાથે હસ્યા છીએ. પરંતુ મને ખબર છે કે મે જે કઇ પણ કર્યું છે તેમાં તમારો ખૂબ સપોર્ટ હતો. સુરક્ષિત રહો અને દરેકને ખૂબ પ્રેમ, વરુણ...

# સુઝૈન ખાનનું ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ હેક થયું



બોલિવૂડ એક્ટર ઋતિક રોશનની એક્સ વાઈફ અને એન્ટરપ્રિન્યોર સુઝૈન ખાનનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થયું છે. સુઝૈને ઈન્સ્ટાગ્રામને એક લાંબી નોટ લખીને તેની જાણકારી આપી છે અને તેની સાથે તે પણ જણાવ્યું છે કે આવું શેના કારણે થયું છે. આ નોટના આધારે તેણે ફેન્સને જણાવ્યું કે તે પણ તેના જેવી ભૂલ ન કરે. આ નોટમાં સુઝૈને જણાવ્યું કે તેનું એકાઉન્ટ એક ઈન્સ્ટાગ્રામ જેવું લાગી રહેલ ફેક ઈમેલને કારણે આવું થયું છે. સુઝૈન ખાને તેના ફેન્સને આનાથી બચવાની સલાહ આપતા લખ્યું કે, મારુ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ફેક ઈમેલના કારણે હેક થયું છે. જે ઈન્સ્ટાગ્રામની જેવું જ દેખાય છે. મને બિલકુલ અહેસાસ ન થયો કે તે ઓથેન્ટિક નથી અને તેને કારણે મેં તે બટન પર ક્લિક કરી દીધું. હું આ નોટ ખૂબ ઈમાનદારીથી લખું છું, પ્લીઝ કોઈ પણ બિનભરોસાપાત્ર ઈમેલ કે મેસેજ પર ક્લિક ન કરો.

# મેડિકલ રિપોર્ટ્સ સાથે સંજય બહેન પ્રિયા દત્ત સાથે સ્પોટ થયો



બોલિવૂડ એક્ટર સંજય દત્ત અત્યારે લાઈફના ખૂબ મુશ્કેલ ફેઝમાંથી પસાર થઈ રહ્યો છે. જોકે, આ એક્ટર અત્યારે કેન્સર સામે જંગ લડી રહ્યો છે અને તેનો મુંબઈમાં જ ઈલાજ ચાલી રહ્યો છે. આ દિવસોમાં સંજૂ બાબાએ તેની સારવારને લઈને હોસ્પિટલના ખૂબ ચક્કર લગાવી રહ્યા છે. સંજય દત્તનો લૂક ખૂબ જ બદલાઈ ગયો છે. આ દિવસોમાં તેમની કોઈ પણ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ વચ્ચે સંજય દત્ત તેની બહેન પ્રિયા દત્ત સાથે જોવા મળ્યા. હવે આ ફોટોને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યા છે. સંજય દત્તના ઘરની આ ફોટોમાં એક્ટર અને તેની બહેન કારમાંથી બહાર નીકળતા જોવા મળી રહ્યા છે. જે દરમિયાન સંજય દત્ત બ્લૂ અને વ્હાઈટ કુર્તા-પાયજામામાં જોવા મળી રહ્યો છે. તેની સાથે બહેન પ્રિયા છે, જેના હાથમાં મેડિકલ રિપોર્ટ્સ નજરે પડી રહી છે. એવામાં અંદાજ લગાવી શકાય કે આ બન્ને ભાઈ બહેન હોસ્પિટલ જઈને પાછા ફર્યા હશે.



# કંગના રનૌતના ઘરે શરણાઈઓ વાગશે

બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતના ઘરે શરણાઈઓ વાગવાની છે. કંગનાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને તેની જાણકારી આપી છે. આ વીડિયો કંગનાના ભાઈ કરણની છે. વીડિયોમાં પરિવારની સાથે દરેક સભ્યો કરણને પીઠી લગાવતા જોવા મળી રહ્યા છે. જોકે, કંગનાના ઘરમાં તેની બહેન રંગોલી પછી કોઈના લગ્ન નથી થયા પરંતુ હવે તેના બન્ને ભાઈ અક્ષત અને કરણના લગ્ન આવતા ત્રણ અઠવાડિયામાં છે. કંગનાએ વીડિયો શેર કરતા લખ્યું, ૧૦ વર્ષથી વધારે સમય થઈ ગયો. રંગોલીના લગ્ન પછી ઘરમાં કોઈના લગ્ન નથી થયા પરંતુ આજે અમારા બન્ને ભાઈ કરણ અને અક્ષતના કારણે અમારું ઘરના લગ્નના ઉત્સવમાં બદલાઈ ગયું છે. ત્રણ અઠવાડિયામાં જ બે લગ્ન થવાના છે. આજે કરણની પીઠી છે. આ પહેલાં કંગનાએ તેના સગા ભાઈ અક્ષતની પીઠીનો વીડિયો શેર કર્યો હતો અને લખ્યું હતું કે, મારા ભાઈના બધાઈની કેટલીક તસવીર, બધાઈ અમારા હિમાચલની એક પરંપરા છે લગ્નનું પહેલું નિમંત્રણ મામાના ઘરે આપવામાં આવે છે.